જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૫/૨૦૧૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-    સમાચાર યાદી નં.૮૭૧ /૧૫

## રીક્ષામાં બેસાડી એકલી સ્ત્રીઓના દરદાગીના લુંટ કરતી ગેંગના  એક ઇસમને પકડી ગુન્હો શોધી કાઢતી એસઓજી પોલીસ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી બી.સી.સોલંકી એસ.ઓ.જી. ક્રાઇમ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા નાઓએ શહેરમાં એસ.ઓ.જી. ક્રાઇમ ને લગતા હેડની કામગીરી કરવા તથા બનેલ ગુના શોધી કાઢવા તથા બનતા ગુના અટકાવવા સારૂં પો.સ.ઇ. શ્રી વી.એચ.જાડેજા તથા પો.સ.ઇ. શ્રી પી.બી.દેસાઇ નાઓ સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દરમ્યાન સાબરમતી ધર્મનગર રેલ્વે સ્ટેશન ખાતે આવતા મળેલ બાતમી હકીકત આધારે એક ઇસમ દિનેશભાઇ શીવાજી ઠાકોર ઉવ. ૨૦ રહે. મ.નં. ૧૭૧  બત્રીસ ક્વાટર ધર્મેનગર રેલ્વે  સ્ટેશન સામે સાબરમતી અમદાવાદ નાને પકડી તેની અંગ જડતી માંથી  કાલુપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૪/૨૦૧૫ ઇપીકો કલમ ૩૯૪,૧૧૪ મુજબના ગુન્હામાં રીક્ષામાં બેસાડી લુંટ કરેલ દરદાગીના માના સોનાના બુટ્ટીયા કિ.રુ. ૨૭૦૦૦ ના કબ્જે કરી સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ ધોરણસરની કાર્યવાહી કરેલ છે. આગળની વધુ તપાસ કાલુપુર પો.સ્ટે. તરફ સોપેલ છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)